નવી સેવા ૨૦૧૫-૧૬

વડોદરા રેન્જનું વિભાજન કરી નવી પંચમહાલ-ગોધરા રેન્જ ઉભી કરવાની મંજૂરી આપવા બાબત (આયોજન).

ગુજરાત સરકાર,

ગૃહ વિભાગ ,

ઠરાવ ક્રમાંકઃ મહક/૧૦૨૦૧૫/૨૯૭/સ.

સચિવાલય , ગાંધીનગર

તા 18 MAY 2015

વંચાણે લીધાઃ

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગરની કચેરીનો તારીખ ૩૦/૧/૨૦૧૫નો પત્રક્રમાંક-ઇ/૧૫૩૬/નવીસેવા/૨૦૧૫-૧૬/૨૭૯/૨૦૧૫ તથા તા.૪/૪/૨૦૧૫નો પત્ર ક્રમાંકઃ- ઇ/૧૫૩૬/નવીસેવા/ ૨૦૧૫-૧૬/૯૩૬/૨૦૧૫

(૨) વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્ર પ્રકાશન નંબર-૧૨ પાના નં ૧૭૩

ઠરાવઃ-

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરએ વંચાણે લીધેલ ક્રમાંક-૧ માં દર્શાવેલ તા. ૩૦/૧/૨૦૧૫ તથા તા.૪/૪/૨૦૧૫ના પત્રોથી નાયબ પોલીસ મહાનિરિક્ષક, વડોદરા રેન્જનું વિભાજન કરી વડોદરા રેંન્જમાં સમાવિષ્ટ (૧) પંચમહાલ ગોધરા (૨) દાહોદ અને (૩) મહીસાગર લુણાવાડા જિલ્લાઓ માટે નવી પંચમહાલ ગોધરા રેન્જ ઉભી કરવા માટે નવી જગ્યાઓ મંજૂર કરવા તથા નવી કચેરી માટે વાહનો, ફર્નીચર, કોમ્પ્યુટર, સાધન-સામગ્રી વગેરે ખરીદવા માટે વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં નવી સેવા તરીકે જોગવાઈ કરી મંજુરી આપવા દરખાસ્ત કરેલ છે.

પુખ્ત વિચારણાને અંતે નાયબ પોલીસ મહાનિરિક્ષક, વડોદરા રેન્જનું વિભાજન કરી વડોદરા રેન્જમાં સમાવિષ્ટ, (૧) પંચમહાલ ગોધરા (૨) દાહોદ અને (૩) મહીસાગર લુણાવાડા જિલ્લાઓ માટે પંચમહાલ- ગોધરા રેન્જ ઉભી કરવાની અને તેનું મુખ્ય મથક ગોધરા ખાતે રાખવાની આથી મંજુરી આપવામાં આવે છે.

વડોદરા રેન્જનું વિભાજન કરી નવી પંચમહાલ રેન્જ ઉભી થતા હવે વડોદરા રેન્જ અને પંચમહાલ રેન્જમાં નીચે મુજબ જિલ્લાઓ રહેશે

| વડોદરા રેન્જમાં સમાવિષ્ટ જિલ્લાઓ | પંચમહાલ ગોધરા રેન્જમાં સમાવિષ્ટ જિલ્લાઓ |
|---|---|
| (૧) વડોદરા ગ્રામ્ય | (૧) પંચમહાલ ગોધરા |
| (૨) ભરૂચ | (૨) દાહોદ |
| (3) નર્મદા | (3) મહિસાગર- લુણાવાડા. |
| (૪) છોટાઉદેપુર | |

નાયબ પોલીસ મહાનિરિક્ષક, પંચમહાલ ગોધરાની કચેરી માટે વાહનો, ફર્નીચર, કોમ્પ્યુટર, સાધન-સામગ્રી વગેરે ખરીદવા અનાવર્તક ખર્ચરૂ. ૨૬,૪૫,૦૦૦ (અંકે રૂપિયા છવ્વીસ લાખ પિસતાલીસ હજાર પુરા) ની જોગવાઇ તથા આ કચેરી માટે નવુ મહેકમ મંજુર કરવા માટે વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં આયોજન હેઠળ નવી સેવા તરીકે તેનો સમાવેશ કરીને આવર્તક ખર્ચ રૂ. ૩૩,૫૫,૦૦૦/-(અંકે રૂપિયા તેત્રીસ લાખ પંચાવન હજાર પુરા)મળી કુલ રૂપિયા ૬૦,૦૦,૦૦૦ અંકે રૂપિયા સાંઇઠ લાખ) ની જોગવાઇ કરી પત્રક-૧ અને પત્રક-૨ મુજબની નવી જગ્યાઓ ઉભી કરી તા.૨૯/૨/૧૬ સુધી આ જગ્યાઓ ચાલુ રાખવાની અને ભરવાની, નીચે દર્શાવેલ શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

<u>શરતો</u>..

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

3. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. વર્ગ-૧ અને વર્ગ -૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

૮. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૯. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની રહેશે.

૧૦. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગનાતા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

૧૧. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૧૨. આ જગ્યાઓ ઉપરની ભરતી, સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૧૩. કોમપ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમપ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૧૪. રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત થયેલ કાર્યભારણ મુજબ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૫. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે

૧૬. વાહનોની ખરીદી, બંદર અને વાહન વ્યવહાર વિભાગના તા. ૨૪/૯/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક:જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ-૮/ઘ ની જોગવાઇ અને શરતોને અનુસરીને જે તે નાણાકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

૧૭ બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહનોની ખરીદી કરવાની રહેશે તે સિવાય વાહનો ખરીદવાના રહેશે નહીં.

૧૮. નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રકિયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

૧૯. બંદર અને વાહન વ્યવહાર વિભાગના તા. ૨૪/૯/૨૦૦૮ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહન પ્ટ્રોલ સંચાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરવવાની જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની રહેશે.

૨૦. આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારને પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૧. આઈ.ટી. સંબધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૨. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ- એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો-વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૩. ૧ ઇનોવા કાર ગૃહ વિભાગના તા.૧૩/૭/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક મટસ/૧૦૨૦૧૦/૧૧૪૩/વની જોગવાઇ મુજબ Non A.C. ખરીદવાની રહેશે.

૨૪ ૧ નંગ મોટર સાયકલ રૂ/.૭૨,૫૦૦-.ની મર્યાદામાં ખરીદ કરવાનું રહેશે.

૨૫ બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તા.૨૪/૯/૦૮ના ઠરાવની જોગવાઇ મુજબ પોલીસ ઇન્સ્પેક્ટર માટે ૧ નંગ જીપ ખરીદવાની રહેશે.

૨૬ ૩ નંગ કોમ્પ્યુટરની ખરીદી વિજ્ઞાન અને પ્રાધોગિકી વિભાગની પ્રવર્તમાન સુચનાઓ મુજબ પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

૨૭ ફર્નિચરની ખરીદી રૂ/. ૨ (બે) લાખની મર્યાદામાં કરવાની રહેશે.

આ અંગેનું ખર્ચ વર્ષ- ૨૦૧૫-૧૬ના બજેટમાં કરવામાં આવેલ જોગવાઇઓ હેઠળ નીચેના સદરે કરવાનો રહેશે.

મુખ્ય સદર ૨૦૫૫ પોલીસ - ગૌણ સદરઃ ૧૦૯- જીલ્લા પોલીસ, પેટા સદરઃ ૦૧ MEP-6 - જીલ્લા પોલીસ ખુદ,કોડ નં. ૧૧૪૫૦૫ હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકઃની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી નાણા વિભાગની તા.૧૨/૫/૨૦૧૫ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.બી.ગોસાઇ )
સેક્શન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ

- મહા મહિમ રાજયપાલશ્રીના અગસચિવશ્રી રાજભવન ,ગાંધીનગર( પત્ર ધ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ , સચિવાલય,ગાંધીનગર
- માન. રાજય કક્ષાના.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પોલીસ હાઉસીંગ કોર્પોરેશન, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (હથીયારી એકમો)ગુજરાત રાજય,ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, ( વહીવટ) ગુજરાત રાજય ગાંધીનગર

- અધિક પોલીસ મહાનિદેશકશ્રી,(કાયદો અને વ્યવસ્થા)ગુજરાત રાજય,ગાંધીનગર
- ગૃહ વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ
- નાયબ પોલીસ મહાનિરિક્ષકશ્રી ,વડોદરા,રેન્જ, વડોદરા
- નાયબ પોલીસ મહાનિરિક્ષકશ્રી , પંચમહાલ, ગોધરા રેન્જ
- સર્વે પોલીસ મહાનિરિક્ષક/ નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, રેન્જ
- અધિક મુખ્ય સચિવશ્રી નાણા વિભાગ, સચિવાલય , ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી(ક,ગ) ગૃહ વિભાગ, સચિવાલય , ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય રાજકોટ/ અમદાવાદ
- નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડંડ ફંડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી
- સર્વે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ
- સબંધિત સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- ગૃહ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય , ગાંધીનગર
- નાણા વિભાગ,/ ઝ-૧ શાખા, સચિવાલય , ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી , બજેટ શાખા/ અ, બ., વ,.શાખા/ ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગર,
- સેક્શન અધિકારીશ્રી, સર્વે શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- નવી સેવા ૨૦૧૫-૧૬ માટેની સિલેક્ટ ફાઇલ

ગૃહ વિભાગના તા. ૧૮/૫/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક; ગહક/૧૦૨૦૧૫/૨૯૭/સનું જોડાણ

## પત્રક-૧

## રેન્જ કચેરી માટેનું મહેકમ

| અ.ન. | હોદ્દો | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ | ગ્રેડ પે |
|---|---|---|---|---|
| ૧ | નાયબ પોલીસ મહાનિરિક્ષક | ૧ | ૩૭,૪૦૦- ૬૭,૦૦૦ | ૮,૯૦૦ |
| ૨ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ (અંગત મદદનીશ) | ૧ | ૯,૩૦૦-૩૪,૮૦૦ | ૪,૪૦૦ |
| ૩ | અનાર્મ પોલીસ ઈન્સ્પેકટર (રીડૅર) વર્ગ-૨ | ૧ | ૯,૩૦૦- ૩૪,૮૦૦ | ૪,૬૦૦ |
| ૪ | કચેરી અધિક્ષક (વર્ગ-૨) | ૧ | ૯,૩૦૦-૩૪,૮૦૦ | ૪,૪૦૦ |
| ૫ | હેડ કલાર્ક | ૧ | ૯,૩૦૦-૩૪,૮૦૦ | ૪,૨૦૦ |
| ૬ | સીનીયર કલાર્ક | ૨ | ૫,૨૦૦-૨૦,૨૦૦ | ૨,૪૦૦ |
| ૭ | જુનીયર કલાર્ક | ૨ | ૫,૨૦૦-૨૦,૨૦૦ (૭,૮૦૦ ફીકસ) | ૧,૯૦૦ |
| | કુલ જગ્યાઓ | ૯ | | |

## પત્રક-૨

## આર.આર.સેલ માટેનું મહેકમ

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | અનાર્મ પોલીસ સબ ઈન્સ્પેકટર | ૧ | ૯,૩૦૦-૩૪,૮૦૦ | ૪,૪૦૦ |
| ૨ | અનાર્મ હેડ કોન્સ્ટેબલ | ૨ | ૫,૨૦૦-૨૦,૨૦૦ | ૨,૦૦૦ |
| ૩ | અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ | ૨ | ૫,૨૦૦-૨૦,૨૦૦ (૭,૮૦૦ ફીકસ) | ૧,૮૦૦ |
| ૪ | અનાર્મ મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૧ | ૫,૨૦૦-૨૦,૨૦૦ (૭,૮૦૦ ફીકસ) | ૧,૮૦૦ |
| | કુલ જગ્યાઓ | ૬ | | |